<u>વેચાણ દસ્તાવેજ.</u>

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ અમદાવાદના મણિનગર તાલુકા અમદાવાદ વિભાગ-૭(ઓઢવ)ના હોજવાળી મસ્જીદ પાસે, ગોમતીપુર ગાર્ડનની બાજુમાં, મોજે રાજપુર-હીરપુરની સીમમાં આવેલી મિલકતનો **વેચાણ દસ્તાવેજ રૂા.........................../- અંકે રૂપીયા ....પુરાનો.**

<u>વેચાણઆપનાર:-</u>
<u>લખીઆપનાર:-</u>
<u>એકતરફવાળા:-</u>

(૧) સબપ્લોટનંબર-૨/એ, ચો.મી.-૧૫૫૪-૬૬ અને રસ્તાના ચો.મી.-૨૦૭-૦૬ એમ મળી કુલ ચો.મી.-૧૭૬૧-૭૨ ના કાયમી ભાડાપટ્ટાદાર-યુસુફમીયાં રસુલમીયાં શેખ, પુખ્ત વયના, ધંધો વેપાર, ધર્મે મુસ્લીમ, રહેવાસી-આખુનજીની ગલી, હોજવાળી મસ્જીદ પાસે, રાજપુર-ગોમતીપુર, અમદાવાદ.

(૨) સબપ્લોટનંબર-૨/બી, ચો.મી.-૨૧૪૧-૨૨ અને રસ્તાના ચો.મી.-૨૦૭-૦૬ એમ મળી કુલ ચો.મી.-૨૩૪૮-૨૮ ના કાયમી ભાડાપટ્ટાદાર-રશીદમીયાં રસુલમીયાં શેખ, પુખ્ત વયના, ધંધો વેપાર, ધર્મે મુસ્લીમ, રહેવાસી-આખુનજીની ગલી, હોજવાળી મસ્જીદ પાસે, રાજપુર-ગોમતીપુર, અમદાવાદ.

(૩) ચો.મી.-૧૫૩૧૪ ના કાયમી ભાડાપટ્ટાદાર-

(એ) રસુલમીયાં હુસેનમીયાં શેખ, પુખ્ત વયના, ધંધો વેપાર,

(બી) રશીદમીયાં રસુલમીયાં શેખ, પુખ્ત વયના, ધંધો વેપાર,

(સી) યુસુફમીયાં રસુલમીયાં શેખ, પુખ્ત વયના, ધંધો વેપાર, સર્વે ધર્મે મુસ્લીમ, સર્વે રહેવાસી-આખુનજીની ગલી, હોજવાળી મસ્જીદ પાસે, રાજપુર-ગોમતીપુર, અમદાવાદ.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં વેચાણ આપનાર અગર લખીઆપનાર અગર એકતરફવાળા અગર અમો અગર અમારા એ રીતે સંબોધવામાં આવેલ છે જે શબ્દના ખરા અર્થમાં સદર અમો એકતરફવાળા તથા અમો એકતરફવાળાના વંશ, વાલી, વારસો એડમીનીસ્ટ્રેટરો, મુખ્તયારો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

<u>વેચાણલેનાર:-</u> .... ઉં.આ.વ...., ધંધો ....,
<u>લખાવીલેનાર:-</u> ધર્મે ...., રહેવાસી-....................................
<u>બીજીતરફવાળા:-</u> જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજીતરફવાળા અગર લખાવીલેનાર અગર તમો અગર તમારા એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દના ખરા અર્થમાં તમો બીજીતરફવાળા તથા તમો બીજીતરફવાળાના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

<u>કન્ફરમીગપાર્ટીવાલા:-</u> ***<u>પી.એમ.શાહ ઈન્ફાસ્ટ્રકચર ડેવલોપરના પ્રોપ્રાયટર-</u>***
<u>ત્રીજીતરફવાળા:-</u> **યુસુફમીયાં રસુલમીયાં શેખ,** પુખ્ત વયના, ધંધો વેપાર, ધર્મે મુસ્લીમ, રહેવાસી-આખુનજીની ગલી, હોજવાળી મસ્જીદ પાસે, રાજપુર, ગોમતીપુર, અમદાવાદ.
જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં કન્ફરમીગપાર્ટીવાલા અગર ત્રીજીતરફવાળા એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દના અર્થમાં કન્ફરમીગપાર્ટીવાલાનો તથા કન્ફરમીગપાર્ટીવાલાના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

(૧) રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ અમદાવાદના મણિનગર તાલુકા અમદાવાદ વિભાગ-૭(ઓઢવ)ના હોજવાળી મસ્જીદ પાસે, ગોમતીપુર ગાર્ડનની બાજુમાં, મોજે રાજપુર-હીરપુરની સીમમાં રેવન્યુ સર્વેનંબર-૧૩૫ તથા ૫૫૬, ટી.પી.સ્કીમનંબર-૯ ના ફાઈનલ પ્લોટનંબર-૩૨ પૈકી લખીઆપનારા પૈકી નંબર-૧ વાલાની સબપ્લોટનંબર-૨ પૈકી ૨/એ ચો.મી.-૧૫૫૪-૬૬ તથા ચો.મી.-૨૦૭-૦૬ રોડ કપાતની એમ મળી કુલ ચો.મી.-૧૭૬૧-૭૨ તથા લખીઆપનારા પૈકી નંબર-૨ વાલાની સબપ્લોટનંબર-૨ પૈકી ૨/બી ચો.મી.-૨૧૪૧-૨૨ તથા ચો.મી.-૨૦૭-૦૬ રોડ કપાતની એમ મળી કુલ ચો.મી.-૨૩૪૮-૨૮ અને લખીઆપનારા પૈકી નંબર-૩ વાલાઓની ચો.મી.-૧૫૩૧૪ ની જમીન કાયમી ભાડાપટ્ટાની આવેલી છે જેમાં અમો લખીઆપનારાઓની માલીકીનું નીચે વિગતવાર કાયદેસરના પ્લાન મુજબનું ઉપરદલનું બાંધકામ આવેલું છે, જે ઉપરદલના બાંધકામની માલીકી અમો લખીઆપનારાઓની પોતાની છે, જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **મજકુર મિલકત** એ રીતે સંબોધવામાં આવેલ છે.

(૨) સદર મિલકતની જમીનના ભાડાપટ્ટાના હક્કો સાથે તથા ઉપરદલના બાંધકામના માલીકી હક્કો સહીતની મિલકત તેના માલીક મહેન્દ્ર સિલ્ક મીલ્સ પ્રા.લી.ની પાસેથી તારીખ-૦૪-૦૧-૨૦૦૮ ના રોજ ચો.મી.-૧૭૬૧-૭૨ વાળી અમો લખીઆપનારા પૈકી

નંબર-૧ વાલા યુસુફમીયાં રસુલમીયાં શેખે વેચાણ રાખી તેનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ-૭(ઓઢવ) ના મહેરબાન સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં રજીસ્ટર્ડ કરાવીને એકનંબરની બુકના અનુક્રમનંબર-૧૫૮ આધારે તારીખ-૦૬-૦૫-૨૦૦૮ ના રોજ નોંધાવી તેનો એક સુધારા લેખ તારીખ-૦૪-૦૫-૨૦૧૫ ના રોજ અનુક્રમનંબર-૩૬૨૦ આધારે નોંધાવેલ અને તેની રૂઈએ ચો.મી.-૧૭૬૧-૭૨ વાળી કાયમી જાથુના ભાડાપટ્ટાના હકકોવાળી જમીન તથા તેની ઉપર આવેલ બાંધકામના ઉપરદલના માલીકી હક્કો સહીતની મિલકત અમો લખીઆપનારા પૈકી નંબર-૧ વાલા યુસુફમીયાં રસુલમીયાં શેખના કબજા ભોગવટામાં ચાલતી આવેલી,

સદર મિલકતની જમીનના ભાડાપટ્ટાના હક્કો સાથે તથા ઉપરદલના બાંધકામના માલીકી હક્કો સહીતની મિલકત તેના માલીક મહેન્દ્ર સિલ્ક મીલ્સ પ્રા.લી.ની પાસેથી તારીખ-૨૯-૦૧-૨૦૦૮ ના રોજ ચો.મી.-૨૩૪૮-૨૮ વાળી અમો લખીઆપનારા પૈકી નંબર-૨ વાલા રશીદમીયાં રસુલમીયાં શેખે વેચાણ રાખી તેનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ-૭(ઓઢવ) ના મહેરબાન સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં રજીસ્ટર્ડ કરાવીને એકનંબરની બુકના અનુક્રમનંબર-૮૨૭ આધારે તારીખ-૦૬-૦૫-૨૦૦૮ ના રોજ નોંધાવી તેનો એક સુધારા લેખ તારીખ-૦૪-૦૫-૨૦૧૫ ના રોજ અનુક્રમનંબર-૩૬૨૧ આધારે નોંધાવેલ અને તેની રૂઈએ ચો.મી.-૨૩૪૮-૨૮ વાળી કાયમી જાથુના ભાડાપટ્ટાના હકકોવાળી જમીન તથા તેની ઉપર આવેલ બાંધકામના ઉપરદલના માલીકી હક્કો સહીતની મિલકત અમો લખીઆપનારા પૈકી નંબર-૨ વાલા રશીદમીયાં રસુલમીયાં શેખના કબજા ભોગવટામાં ચાલતી આવેલી,

સદર મિલકતની જમીનના ભાડાપટ્ટાના હક્કો સાથે તથા ઉપરદલના બાંધકામના માલીકી હક્કો સહીતની મિલકત તેના માલીક મહેન્દ્ર સિલ્ક મીલ્સ પ્રા.લી.ની પાસેથી તારીખ-૦૬-૦૨-૨૦૦૮ ના રોજ ચો.મી.-૧૫૪૬૪ વાળી અમો લખીઆપનારા પૈકી નંબર-3 વાલા રસુલમીયાં હુસેનમીયાં શેખ, રશીદમીયાં રસુલમીયાં શેખ, યુસુફમીયાં રસુલમીયાં શેખે ભેગા મળીને વેચાણ રાખી તેનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ-૭(ઓઢવ) ના મહેરબાન સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં રજીસ્ટર્ડ કરાવીને એકનંબરની બુકના અનુક્રમનંબર-૯૪૭૦ આધારે તારીખ-૧૯-૦૭-૨૦૦૮ ના રોજ નોંધાવી તેનો એક સુધારા લેખ તારીખ-૦૪-૦૫-૨૦૧૫ ના રોજ અનુક્રમનંબર-૩૬૨૨ આધારે નોંધાવેલ અને તેની રૂઈએ ચો.મી.-૧૫૪૬૪ વાળી કાયમી જાથુના ભાડાપટ્ટાના હકકોવાળી જમીન તથા તેની ઉપર આવેલ બાંધકામના ઉપરદલના માલીકી હક્કો સહીતની મિલકત અમો લખીઆપનારા પૈકી નંબર-3 વાલા રસુલમીયાં હુસેનમીયાં શેખ, રશીદમીયાં રસુલમીયાં શેખ, યુસુફમીયાં રસુલમીયાં શેખના કબજા ભોગવટામાં ચાલતી આવેલી,

સદર મિલકતના બાંધકામ બાબતે અને તેને વેચાણ કરવા બાબતે લખીઆપનારાએ કન્ફરમીગપાર્ટીવાલાને ડેવલોપર તરીકે એપોઈન્ટ કરી તે અંગેનો એક ડેવલપમેન્ટ કરાર તારીખ-૧૯-૧૧-૨૦૦૮ ના રોજ લખીઆપનારા તથા કન્ફરમીગપાર્ટી વચ્ચે અરસ-પરસનો કરવામાં આવેલો અને તે ડેવલપમેન્ટ કરારને આધીન ડેવલપમેન્ટ કરારમાં જણાવેલ તમામ શરતો, જણાવેલ હકીકતો વિગેરેનો કન્ફરમીગપાર્ટીવાલા પાલન કરશે તેવી શરતે કન્ફરમીગપાર્ટીવાલાએ સદર મિલકતમાં ડેવલપમેન્ટ કરી કાયદેસરના પ્લાન મુજબનું બાંધકામ કરી તેને વેચાણ કરવા અંગેની કાર્યવાહી કરવાની સંમતી દર્શાવતા કન્ફરમીગપાર્ટીવાલાએ બાંધકામ કરેલ છે અને પ્લાનમાં જણાવ્યા મુજબના બાંધકામ પૈકી નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિગતવાળી મિલકત તમો લખાવીલેનારે આ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે અને તેની જમીનના વરાડે પડતાં **રૂા...................... અંકે રૂપીયા .... પુરા** આ વેચાણ દસ્તાવેજના અમો લખીઆપનારાએ નીચે જણાવ્યા મુજબ લીધેલ છે અને બાંધકામના **રૂા............................... અંકે રૂપીયા .... પુરા** આ વેચાણ દસ્તાવેજના કન્ફરમીગપાર્ટીવાલાએ નીચે જણાવ્યા મુજબ લીધેલ છે.

(૩) ત્યારબાદ મજકુર મિલકત ઉપર રહેણાંક તથા વાણિજ્ય હેતુ માટેની યોજનાનું બાંધકામ કરવા સારૂના પ્લાન અમદાવાદ મ્યુ.કોર્પોરેશન ધ્વારા પાસ કરાવેલ છે, તેની વિગત.....

કેસનંબર.BLNTI/EZ/10316/GDR/A6095/R1/M1 For Block No-A.
BLNTI/EZ/10316/GDR/A6096/R1/M1 For Block No-B.
BLNTI/EZ/10316/GDR/A6097/R1/M1 For Block No-C.
BLNTI/EZ/10316/GDR/A6098/R1/M1 For Block No-D.
BLNTI/EZ/10316/GDR/A6099/R1/M1 For Block No-E.
BLNTI/EZ/10316/GDR/A60100/R1/M1 For Block No-F&G. Dated-16-01-2018.

રજાચીઠ્ઠીનંબર.-9918/110316/A6095/R1/M1.
9919/110316/A6096/R1/M1.
9920/110316/A6097/R1/M1.
9921/110316/A6098/R1/M1.
9922/110316/A6099/R1/M1.
9923/110316/A6100/R1/M1.

(૪) ત્યારબાદ મંજુર થયેલા પ્લાન મુજબ મજકુર જમીન ઉપર અમો એકતરફવાળાએ Ra'as ul Assad TOWN ના નામથી રહેણાંક તેમજ વાણિજ્યના હેતુ માટેની યોજનાનું બાંધકામ શરૂ કરેલ.

(૫) સદરહુ Ra'as ul Assad TOWN યોજનાની ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ ૨૦૧૬ અને ગુજરાત રૂલ્સ ૨૦૧૬ અને ૨૦૧૭ ના ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) (જનરલ) ના કાયદા અન્વયેના અધિનિયમની જોગવાઈને આધીન રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી ધ્વારા રજીસ્ટ્રેશન નંબર-....... ....થી તારીખ-...................... ના રોજ નોંધવામાં આવેલ છે.

(૬) રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ અમદાવાદના મણિનગર તાલુકા અમદાવાદ વિભાગ-૭(ઓઢવ)ના હોજવાળી મસ્જીદ પાસે, ગોમતીપુર ગાર્ડનની બાજુમાં, મોજે રાજપુર-હીરપુરની સીમમાં રેવન્યુ સર્વેનંબર-૧૩૫ તથા ૫૫૬, ટી.પી.સ્કીમનંબર-૯ ના ફાઈનલ પ્લોટનંબર-૩૨ પૈકી સબપ્લોટનંબર-૨ પૈકી ૨/એ ચો.મી.-૧૫૫૪-૬૬ તથા ચો.મી.-૨૦૭-૦૬ રોડ કપાતની એમ મળી કુલ ચો.મી.-૧૭૬૧-૭૨ તથા સબપ્લોટનંબર-૨ પૈકી ૨/બી ચો.મી.-૨૧૪૧-૨૨ તથા ચો.મી.-૨૦૭-૦૬ રોડ કપાતની એમ મળી કુલ ચો.મી.-૨૩૪૮-૨૮ તથા ચો.મી.-૧૫૩૧૪ ની કાયમી જાથુના ભાડાપટ્ટાના હક્કોવાળી જમીન ઉપર અમો લખીઆપનારાઓએ સ્થળ ઉપર એકત્ર કરેલ જમીનમાં Ra'as ul Assad TOWN એ નામની વાણિજ્ય હેતુ માટેની દુકાનો તથા રહેણાંકના હેતુ માટેના ફલેટોની યોજનાનું આયોજન કરવામાં આવેલ છે, જે Ra'as ul Assad TOWN ના નામથી ઓળખાય છે તેમાં આવેલ **બ્લોક-...... તથા ....** ના **............ માળ ઉપર આવેલ ફલેટનંબર-........... વાળી આશરે સ.ચો.મી.-..................તથા વોશ એરીયા સ.ચો.મી.-............. તથા બાલ્કની એરીયા સ.ચો.મી.-.............. ના કાર્પેટ એરીયા** (મંજુર થયેલ પ્લાન મુજબ સ.ચો.મી.-..................... બિલ્ટઅપ એરીયા) વાળી મિલકત જેનો રેરા (રીયલ એસ્ટેટ રેગ્યુલારીટી એકટ ૨૦૧૬) મુજબ કાર્પેટ એરીયા સ.ચો.મી.-.............. ના માપની મિલકત તથા સદર યોજનામાં આવેલ કોમન ઓપન પ્લોટ-ગાર્ડન-રોડ રસ્તાની જમીનના વગર વહેંચાયેલા **સ.ચો.મી-................** ના હકકો સહીતની અને તેની રૂઈએ તે તમારા સહીયારે વાપરવા ભોગવવાના હકકો સહીતની તથા સદર **બ્લોક-.... તથા ....** ની **ગ્રાઉન્ડફલોર ઉપર પાર્કીંગની ચો.મી-...........** ની જમીન આવેલ છે જેમાં તમો લખાવીલેનારના વરાડે પડતા વગર વહેંચાયેલા **ચો.મી-...............** ના હકક હિસ્સા સહીતની મિલકત તથા સદર ફાઈનલપ્લોટનંબર-૩૨ ની ઉપર જણાવેલ ચો.મી-૧૭૬૧-૭૨+૨૩૪૮-

૨૮+૧૫૩૧૪ ની સમગ્ર જમીનના જાથુના કાયમી ભાડાપટ્ટાના હક્કો પૈકી પોષાતા વગર વહેંચાયેલા વરાડે પડતાં હકક હિસ્સા સહીતની જમીનના હકકો સાથેની ફ્લેટના બાંધકામવાળી મિલકત તથા સદરહુ Ra'as ul Assad TOWN યોજનાના મંજુર થયેલ પ્લાન મુજબ જે જે કોમન ફેસેલીટીઝ મુકવામાં આવેલ છે તેના સહીયારા વપરાશના હક્કો સહીતની મિલકત જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં સદરહુ મિલકત એ રીતે સંબોધવામાં આવેલ છે.

(૭) સદરહુ મિલકત અમો એકતરફવાળાની પાસેથી તમો બીજીતરફવાળાએ તારીખ .... ના રોજ વેચાણ રાખવાનું નકકી કરેલ અને તે બાબતનો બાનાખતનો કરાર તેજ તારીખે અમદાવાદ-૭(ઓઢવ)ના મહેરબાન સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં રજીસ્ટર્ડ કરાવીને એકનંબરની બુકના અનુક્રમનંબર-............ આધારે નોંધાવેલ છે. વધુમાં બાનાખતમાં જણાવેલ તમામ શરતો તેમજ જોગવાઈઓ હાલના વેચાણ દસ્તાવેજને પણ લાગુ પડશે તેમજ આ વેચાણ દસ્તાવેજમાં કોઈ બાબત જણાવેલ ન હોય તેવા સંજોગોમાં સદરહુ બાનાખતની જોગવાઈઓ બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

(૮) સદરહુ મિલકત અમો એકતરફવાળાની માલીકી, કબજા, ભોગવટાની તમામ બોજાઓથી મુક્ત આવેલી છે જેથી સદરહુ મિલકત વેચાણ આપવાનું અમો સંપૂર્ણ હક્ક અને અધિકાર ધરાવીયે છીએ તેથી તેવા હક્કોનો ઉપયોગ કરતા સદરહુ મિલકત અમો એકતરફવાળા તથા તમો બીજીતરફવાળા વચ્ચે વાટાઘાટો બાદ નક્કી થયા મુજબની કુલ ઉચ્ચક વેચાણ કિંમત રૂા................... અંકે રૂપીયા.................................. પુરામાં વેચાણ આપેલ છે જેના વેચાણ અવેજની રકમ રૂા....................... અંકે રૂપીયા.......................... પુરા તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને નીચેની વિગતે ચુકવી આપેલ છે તેથી અમો એકતરફવાળા આ વેચાણ દસ્તાવેજ તમો બીજીતરફવાળાની તરફેણમાં કરી આપી સદરહુ મિલકતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને આજરોજ સોપેલ છે જે તમો બીજીતરફવાળાએ જોઈ તપાસીને સંભાળી લીધેલ છે.

<u>સદરહુ મિલકતના વેચાણ અવેજ પહોંચ્યાની વિગત જે......</u>

....

રૂા.......................... અંકે રૂપીયા............................. પુરા.

(૯) એ રીતે સદરહુ મિલકત વેચાણ અવેજની રકમ રૂા........................ અંકે રૂપીયા .... પુરા અમો એકતરફવાળાને મળેલ છે જેની આથી પાકી કબુલ મંજુર અને બંધનકર્તા પહોંચ અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને લખી આપેલ છે તેથી નીચે પરીશીષ્ટમાં વર્ણવેલી સદરહુ મિલકત તેના તમામ પ્રકારના સહીયારા યાને કોમન તેમજ સ્વતંત્ર યાને આગવા હક્ક, અલાખા, હવાલા ઈત્યાદી સહીત અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને સદરહુ મિલકતનો શાંત ખાલી અને પ્રત્યક્ષ કબજો સોંપેલ છે અને તે આધારે તમો બીજીતરફવાળા સદરહુ મિલકતના માલીક મુખત્યાર અને કબજેદાર બનેલા છે.

(૧૦) હવેથી સદરહુ મિલકત ઉપર અમો એકતરફવાળા તથા અમારા વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીયો, ટ્રાન્સફરીઓ, એડમીનીશ્ટ્રેટરો વિગેરે કોઈનો કોઈપણ પ્રકારનો દરદાવો, અલાખો, લાગભાગ, હક્ક, હીસ્સો કે હીત સંબંધ નથી તેમ છતાં સદરહુ મિલકત ઉપર અમો એકતરફવાળા તથા અમારા વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીયો, ટ્રાન્સફરીયો, એડમીનીશ્ટ્રેટરો વિગેરે કોઈપણ પ્રકારનો દર દાવો, અલાખો, લાગભાગ, હક્ક, હીસ્સો કે હીત સંબંધ વિગેરે કાંઈપણ કરે કરાવે તો તે આથી રદબાતલ ગણાશે.

(૧૧) સદરહુ મિલકત તેના અસલ હદ હક્કો મુજબ તમો બીજીતરવાળા તથા તમારા વંશ, વાલી, વારસો, પુત્રાદીકો ચાંદો સૂરજ તપે ત્યાં સુધી સુખેથી વાપરો, ભોગવો, ભાડે આપો, તેમાં વસો વસાવો, જરૂરી પરવાનગીઓ મેળવી બાંધકામમાં ફેરફાર કરવા, વેચાણ, ગીરો, બક્ષીસ આપો અગર તમો બીજીતરફવાળાનું દિલ ચાહે તેમ ઉપયોગ કરવાને હક્કદાર થયા છો અને સદરહુ મિલકતમાંથી રિધ્ધિ સિધ્ધિ જે કાંઈ ઉપલબ્ધ થાય તે તમામ તમારા નસીબનું છે રહેશે થશે અને ગણાશે જેમાં અમો એકતરફવાળા તથા અમારા વંશ, વાલી, વારસો ઈત્યાદી કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો કે હીત સંબંધ રહ્યા નથી.

(૧૨) પરીશીષ્ટમાં વર્ણવેલ સદરહુ મિલકતના આજરોજ સુધીના જે કાંઈ સ્થાનીક, અર્ધસ્થાનીક, કર, ઉપકર, જમીન મહેસુલ ઈત્યાદી અમો એકતરફવાળાના શીરે છે જ્યારે આજરોજ પછીથી તેવી તમામ રકમો ભરપાઈ કરવા તમો બીજીતરફવાળા બંધાયેલા છો.

(૧૩) સદરહુ મિલકત તમો બીજીતરફવાળા આથી સરકારી અર્ધસરકારી રેકર્ડમાં તેમજ લાગુ પડતાં રેવન્યુ રેકર્ડમાં તમારા નામે કરાવી લેવા હક્કદાર રહેશો અને તેમ કરવામાં અમો એકતરફવાળાની જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જરૂર પડે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તે તે તમામ સહી, સાક્ષી તેમજ જરૂરી લેખ લખાણ કરી આપવા બંધાયેલા છીએ.

(૧૪) અમો એકતરફવાળા તમો બીજીતરફવાળાને આથી બાંહેધરી આપીયે છીએ કે

નીચે પરીશીષ્ટમાં વર્ણવેલ સદરહુ મિલકત કે તેનો કોઈપણ ભાગ આજ અગાઉ કોઈને ભાડે વેચાણ, ગીરો બક્ષિસ કે એસાઈન કે અન્ય કોઈપણ પ્રકારે લખી આપેલ નથી તેમજ સદરહુ મિલકત કોઈપણ અદાલતના હુકમથી જપ્તીમાં કે અવ્વલ જપ્તીમાં લેવામાં આવેલ નથી તેમજ જમીન પ્રાપ્તીધારા કે બીજા કોઈપણ ધારા હેઠળ કોઈપણ નોટીસ નીકળી નથી કે બજી નથી તેમજ સદરહુ મિલકત અંગે કોઈપણ કોર્ટ કચેરીમાં કોઈપણ પ્રકારે દાવાદૂવી તકરાર ચાલતા નથી કે મનાઈહુકમ નથી તેમજ સદરહુ મિલકત પરત્વે કોઈપણ શખ્શનો ખાધા ખોરાકી, પોષાકી કે ઈઝમેન્ટનો હક્ક આવેલ નથી અને સદરહુ મિલકતના તમામ પ્રકારના ટાઈટલ ચોખ્ખા માર્કેટેબલ અને બોજારહિત છે અને સદરહુ મિલકત વેચાણ કરવા અમો એકતરફવાળાને સંપૂર્ણ હક્ક અને અધિકાર છે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપી અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાની તરફેણમાં સદરહુ મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

(૧૫) વધુમાં અમો એકતરફવાળા લખી આપીયે છીએ કે સદરહુ મિલકત કે તેના કોઈપણ ભાગ ઉપર અમો એકતરફવાળાએ આજદીન સુધી કોઈપણ સરકારી અર્ધસરકારી કચેરીમાંથી કોઈપણ વ્યકિત કે સંસ્થા પાસેથી બેંક કે પેઢી પાસેથી કોઈપણ સહકારી મંડળી પાસેથી કે અન્ય કોઈપણ જગ્યાએથી કોઈપણ પ્રકારની લોન લીધી નથી તેમજ સદરહુ મિલકત અમો એકતરફવાળાએ કોઈપણ જગ્યાએ ગીરો, લીયન કે ચાર્જમાં મુકેલ નથી.

(૧૬) **સદરહુ મિલકતનું વપરાશનું પ્રમાણપત્ર (બીયુ) મળેથી અને વેચાણ દસ્તાવેજ થાય ત્યારબાદ ભવિષ્યની એફ.એસ.આઈ "એસોસીએશન ઓફ એલોટીની" એટલે કે સોસાયટીની બની રહે છે અને ભવિષ્યમાં મળનાર એફ.એસ.આઈ તેમજ વધારાની એફ.એસ.આઈ તથા ટેરેસવાળી મિલકતમાં અમો લખીઆપનારનો કોઈપણ હક્ક રહેશે નહીં.**

(૧૭) સદરહુ મિલકત અંગે હવે પછીથી સરકારશ્રી તથા સ્થાનીક સંસ્થા કે ડેવલોપમેન્ટ એથોરીટી ધ્વારા ડેવલોપમેન્ટ ચાર્જ, બેટરચાર્જ કે અન્ય કોઈપણ ચાર્જ ભરવાનો થાય તો તે તમામ તમો બીજીતરફવાળાએ ભરવાનો રહેશે તથા ઔડા કે અન્ય ઓથોરીટી ધ્વારા ડેવલોપમેન્ટ પ્લાનમાં કોઈપણ જાતના સુધારા વધારા થાય તો તે તમો બીજીતફવાળાને બંધનકર્તા રહેશે.

(૧૮) તમો બીજીતરફવાળાએ સદરહુ મિલકતના પ્લાન તેમજ સદરહુ મિલકતના ટાઈટલને લગતા અન્ય તમામ લીગલ ડોક્યુમેન્ટની ચકાસણી તમામ એડવોકેટ મારફતે કરાવી લીધેલ છે અને જે અંગે અમો બીજીતરફવાળાને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર ન હોઈ તમો બીજીતરફવાળાએ સદરહુ મિલકતના વેચાણ અવેજની રકમ ભરપાઈ કરી આપતા

આ વેચાણ દસ્તાવેજ અમો એકતરફવાળાએ આજરોજ તમારી તરફેણમાં કરી આપેલ છે.

(૧૯) સદરહુ મિલકતના બાંધકામની ગુણવત્તા, બાંધકામનું માપતાલ તેમજ તેમાં વપરાયેલ મટીરીયલની કવોલીટી અંગે તમો બીજીતરફવાળાએ તમારા વિશ્વાસુ સ્ટ્રકચર એન્જીનીયર મારફતે ચકાસણી કરાવી લીધેલ છે આથી સદરહુ મિલકતના ટાઈટલ તેમજ બાંધકામ તેમજ સદરહુ મિલકતમાં વાપરવામાં આવેલ મટીરીયલની કવોલીટી અંગે તમો બીજીતરફવાળાએ ભવિષ્યમાં કોઈ તકરાર રહેતી નથી તેમ છતાં અગર ભવિષ્યમાં જો ધરતીકંપ પુર, વાવાઝોડુ જેવી કુદરતી આફતોને કારણે સદરહુ મિલકતને કોઈપણ પ્રકારે નુકશાન થશે તો તે અંગે અમો એકતરફવાળાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી આથી આવેલ કુદરતી આફતો સામે રક્ષણ મેળવવા સારૂ તમો બીજીતરફવાળાએ તમારા ખર્ચે વીમો ઉતરાવી લેવાનો રહેશે.

(૨૦) તમો બીજીતરફવાળા કબજો સુપ્રત કર્યાના ૫(પાંચ) વર્ષના સમયગાળા દરમ્યાન યુનીટમાં અથવા બિલ્ડીંગમાં કોઈ માળખાગત ઉણપ અથવા કામની ગુણવત્તા તથા કારીગરી અથવા સેવાની જોગવાઈ અંગેની કોઈ ખામી તમો બીજીતરફવાળા અમો એકતરફવાળાના ધ્યાને લાવશો અને તે ખામી તમો બીજીતરફવાળાને લીધે ઉત્પન્ન થયેલ ન હોય, તો અમો એકતરફવાળાએ શક્ય હોય ત્યાં સુધી આવી ખામી તેમના પોતાના ખર્ચે દુર કરી આપવાની રહેશે અને આવી ખામી દુર કરવાનું શક્ય ન હોય તો તમો બીજીતરફવાળા આવી ખામી માટે અધિનિયમની જોગવાઈઓ તથા આ કરારમાં જણાવેલ શરતોને આધીન ખામી માટેનું વળતર મેળવવા હક્કદાર રહેશે પરંતુ આવી ખામીઓ માટે અમો એકતરફવાળાને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય, અથવા આવી ખામી તમો બીજીતરફવાળાને લીધે કે કોઈ કુદરતી કારણોસર થયેલ હોય તો તેવી કોઈપણ માળખાગત ખામી, કામગીરી, સેવાની જોગવાઈ અંગેની ગુણવત્તા અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી માટે તથા તમો બીજીતરફવાળા કે તેના થકીના કોઈપણ ઈસમ ધ્વારા ખામી ઉત્પન્ન થયેલ હશે તો અમો એકતરફવાળા તમો બીજીતરફવાળાને વળતર ચુકવી આપવા પાત્ર બનશે નહી કે આવી ખામી પોતાના ખર્ચે દુર કરવાની અમો એકતરફવાળાની કોઈ જવાબદારી રહેશ નહીં તેમજ દીવાલોમાં ભેજ આવવો નાની મોટી તીરાડ નીકળવી/પડવી તે સામાન્ય બાબત હોવાથી તેમજ તે અમો એકતરફવાળાની ખામીને કારણે ઉત્પન્ન થયેલ પરીસ્થીતી ન હોવાથી તેવા સંજોગોમાં અમો એકતરફવાળાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

(૨૧) સદરહુ મિલકત બાહ્ય એલીવેશનમાં તમો બીજીતરફવાળાએ કયારેય કોઈપણ પ્રકારની ફેરફાર કરવાનો નથી તેમજ સદરહુ મિલકતના કોલમ, બીમ, સ્લેબ, લોડ બેરીંગ

કે દિવાલો ને નુકશાન થાય તેવું કોઈપણ કાર્ય તમો બીજીતરફવાળાએ કરવાનું નથી.
(૨૨) સદરહુ યોજનાના સારા વહીવટ સારૂ ભવિષ્યમાં સભ્યોની બહુમતીથી સર્વિસ સોસાયટીની નોંધણી કરાવવાનું નક્કી થાય તો તમો બીજીતરફવાળાએ પુરતો સાથ અને સહકાર આપવાનો રહેશે તથા તેવી નોધાયેલ સર્વિસ સોસાયટીના ફરજીયાત સભ્ય થવાનું રહેશે તથ નોધાયેલ સર્વિસ સોસાયટીની તમામ નીતી-નિયમોનું તથા ધારા-ધોરણોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા આંતરીક રોડ, રસ્તા, કોમન પ્લોટ તથા કોમન ફેસેલીટી, કોમન એમીનીટીઝની વહીવટ તથા મેન્ટેઈન કરવા સારૂ વખતો વખત યાને જે તે સમયે જે રકમ નક્કી થાય તે તમો બીજીતરફવાળાએ ચુકવી આપવાની રહેશે અને તેમ કરવામાં કસુર થયેથી કોમન એમેનીટીઝ તથા નળ, ગટરનું કનેકશન બંધ કરી દેવામાં આવશે અને તેવા સંજોગોમાં તમો વેચાણલેનારની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.
(૨૩) સદરહુ યોજનાના ટાવરમાં ગ્રાઉન્ડફલોરમાં સભાસદો માટે કોમન પાર્કિંગની સગવડ આપવામાં આવેલ છે અને તેવી પાર્કીગની જગ્યાનો ઉપયોગ અને ઉપભોગ વેચાણલેનારે સદરહુ યોજનાના ટાવરના અન્ય સભાસદ સાથે મળીને વહેલા તે પહેલાના ધોરણે ફકત પાર્કીગ તરીકે જ કરવા-કરાવવાનું છે તેમજ તેવી પાર્કીગની જગ્યાનો અન્ય મેમ્બર્સને કોઈપણ જાતની અડચણ, અંતરાય કે અવરોધના થાય તે રીતે ઉપયોગ વેચાણ લેનારએ કરવા-કરાવવાનો રહેશે તેમજ તેવા પાર્કીગ અંગેનો કોઈ ચાર્જ અલગથી વેચાણલેનારે વેચાણ આપનારને ચુકવવાનો રહેશે નહીં.

સદરહુ યોજનાના ગ્રાઉન્ડફલોર/હોલો પ્લીન્થમાં વેચાણ આપનાર ધ્વારા જે જગ્યા નક્કી કરવામાં આવે તે જગ્યામાં સદરહુ સ્કીમના મેમ્બર્સના પાર્કીગ કરવા માટે કોમન સુવિધા આપવામાં આવનાર છે અને તેવી કોમન પાર્કીગની જગ્યામાં વેચાણલેનારે ક્યારેય પણ કોઈપણ જાતનું કાચું કે પાકુ બાંધકામ કરવા-કરાવવાનું નથી, તેમજ તેવી કોમન પાર્કીગની જગ્યાનો અન્ય મેમ્બર્સને કોઈપણ જાતની અડચણ, અંતરાય કે અવરોધ ના થાય તે રીતે ઉપયોગ વેચાણ લેનારે કરવા-કરાવવાનો રહેશે, તેમજ તેવી કોમન પાર્કીગ અંગેનો કોઈ ચાર્જ અલગથી વેચાણલેનારે વેચાણ આપનારને ચુકવવાનો રહેશે નહીં.
(૨૪) સદરહુ મિલકતના માલીકી હક્કે મળવાપાત્ર તમામ કાગળો તેમજ લોન લેવા સારૂ જરૂરી હોય તે તમામ કાગળો અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને સોપેલ છે આથી તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળા પાસેથી કોઈપણ જાતના કાગળો લેવાના બાકી રહેતા નથી.
(૨૫) અગર ભવિષ્યમાં કોઈપણ પ્રકારના વિવાદ ઉભા થશે તો બંને પક્ષકારોએ કોઈપણ વિવાદનું સુમેળથી નિરાકરણ લાવવાનું રહેશે જો કોઈપણ સંજોગોમાં કોઈ વિવાદનું નિરાકરણ

સુમેળથી ન લાવી શકાય તો રીયલ એસ્ટેટ સંબંધી (નિયમન અને વિકાસ) અધિનિયમ ૨૦૧૬ અને તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો અને વિનીમયોની જોગવાઈ હેઠળ તેને રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (RERA) ઓફીસમાં મોકલવાના રહેશે.

(૨૬) આ વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ટાઈપીંગ ખર્ચ તથા પરચુરણ ખર્ચ વિગેરે તમામ ખર્ચ .... એકલાએ ભોગવેલ છે અને ભવિષ્યમાં સ્ટેમ્પ એકટની કલમ-૩૨(ક) અન્વયે વધારાની જે સ્ટેમ્પ ડ્યુટી ભરવાની આવે તે તમો બીજીતરફવાળાએ ભરવાની છે.

(૨૭) સદરહુ કરારની કોઈ જોગવાઈ કોઈપણ કાયદા અથવા રૂલ્સ રેગ્યુલેશન અંતર્ગત અવ્યવસ્થિત અથવા સમલક્ષમ હશે તો તેવી જોગવાઈને સુધારેલ અથવા રદબાતલ ગણાશે અને જ્યાં સુધી કોઈપણ કાયદા અથવા રૂલ્સ અને રેગ્યુલેશનને લાગે વળગે છે ત્યાં સુધી તેવી જોગવાઈઓ સદરહુ કરારને માન્ય નહીં ગણાય અને સદરહુ કરારના અમલ સમયે બાકીની જોગવાઈઓ અને રૂલ્સ અને રેગ્યુલેશન માન્ય અને અમલ કરવા યોગ્ય રહેશે.

પરીશીષ્ટ.

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ અમદાવાદના મણિનગર તાલુકા અમદાવાદ વિભાગ-૭(ઓઢવ)ના હોજવાળી મસ્જીદ પાસે, ગોમતીપુર ગાર્ડનની બાજુમાં, મોજે રાજપુર-હીરપુરની સીમમાં રેવન્યુ સર્વેનંબર-૧૩૫ તથા ૫૫૬, ટી.પી.સ્કીમનંબર-૯ ના ફાઈનલ પ્લોટનંબર-૩૨ પૈકી સબપ્લોટનંબર-૨ પૈકી ૨/એ ચો.મી.-૧૫૫૪-૬૬ તથા ચો.મી.-૨૦૭-૦૬ રોડ કપાતની એમ મળી કુલ ચો.મી.-૧૭૬૧-૭૨ તથા સબપ્લોટનંબર-૨ પૈકી ૨/બી ચો.મી.-૨૧૪૧-૨૨ તથા ચો.મી.-૨૦૭-૦૬ રોડ કપાતની એમ મળી કુલ ચો.મી.-૨૩૪૮-૨૮ તથા ચો.મી.-૧૫૩૧૪ ની કાયમી જાથુના ભાડાપટ્ટાના હક્કોવાળી જમીનને <u>અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની તારીખ ૦૩-૦૨-૨૦૧૬ ના રોજની મંજુર કરેલ રજાચીઠ્ઠી મુજબ ફાઈનલ પ્લોટનંબર-૩૨ પૈકી સબપ્લોટનંબર-૧ ની ચો.મી-૧૧૬૪૩.૬૬ તથા સબપ્લોટનંબર-૨ ની ચો.મી-૭૭૭૩.૩૪ એમ મળી કુલ ચો.મી-૧૯૪૧૭ વાળી જમીનમાંથી સબપ્લોટનંબર-૨ ની ચો.મી-૭૭૭૩.૩૪ વાળી જમીન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એકવાયર થતાં બાકી રહેલ સબપ્લોટનંબર-૧ ની આશરે ચો.મી-૧૧૬૪૩.૬૬ ની જમીન ઉપર</u> અમો લખીઆપનારાઓએ Ra'as ul Assad TOWN એ નામની વાણિજ્ય હેતુ માટેની દુકાનો તથા રહેણાંકના હેતુ માટેના ફલેટોની યોજનાનું આયોજન કરવામાં આવેલ છે, જે Ra'as ul Assad TOWN ના નામથી ઓળખાય છે તેમાં આવેલ **બ્લોક-<u>...... તથા ....</u>** ના .... **માળ ઉપર આવેલ**

ફલેટનંબર-.......... વાળી આશરે સ.ચો.મી.-..................તથા વોશ એરીયા સ.ચો.મી.-............ તથા બાલ્કની એરીયા સ.ચો.મી.-............. ના કાર્પેટ એરીયા (મંજુર થયેલ પ્લાન મુજબ સ.ચો.મી.-.................... બિલ્ટઅપ એરીયા) વાળી મિલકત જેનો રેરા (રીયલ એસ્ટેટ રેગ્યુલારીટી એકટ ૨૦૧૬) મુજબ કાર્પેટ એરીયા સ.ચો.મી.-............. ના માપની મિલકત તથા સદર યોજનામાં આવેલ કોમન ઓપન પ્લોટ-ગાર્ડન-રોડ રસ્તાની જમીનના વગર વહેંચાયેલા **સ.ચો.મી-..........** ના હકકો સહીતની અને તેની રૂઈએ તે તમારા સહીયારે વાપરવા ભોગવવાના હકકો સહીતની તથા સદર **બ્લોક-.... તથા ....** ની **ગ્રાઉન્ડફલોર ઉપર પાર્કીંગની ચો.મી-............** ની જમીન આવેલ છે જેમાં તમો લખાવીલેનારના વરાડે પડતા વગર વહેંચાયેલા **ચો.મી-..............** ના હકક હિસ્સા સહીતની મિલકત તથા સદર ફાઈનલપ્લોટનંબર-૩૨ ની ઉપર જણાવેલ ચો.મી-૧૭૬૧-૭૨+૨૩૪૮-૨૮+૧૫૩૧૪ ની સમગ્ર જમીનના જાથુના કાયમી ભાડાપટ્ટાના હક્કો પૈકી પોષાતા વગર વહેંચાયેલા વરાડે પડતાં હકક હિસ્સા સહીતની જમીનના હકકો સાથેની ફલેટના બાંધકામવાળી મિલકત.

તેના ચારખુંટની વિગત.....

પુર્વે:-

પશ્ચિમે:-

ઉત્તરે:-

દક્ષિણે:-

ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ અમો લખીઆપનારાઓએ તથા કન્ફરમીગપાર્ટી વાલાએ તથા તમો લખાવીલેનારે આપણી સંપૂર્ણ રાજીખુશીથી તથા અકકલ હોંશિયારીથી વાંચી, સમજી, વિચારની તનમનના સંપૂર્ણ સાવધાનપણામાં શુધ્ધ અવસ્થામાં તેમજ કોઈપણ જાતનો નશો કર્યા વગર બીનકેફીયતે કરેલ છે. જે અમો લખીઆપનારાઓ તથા કન્ફરમીગ-પાર્ટીવાલા તથા તમો લખાવીલેનારને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. ઉપર લખ્યું તે સહી છે. આજતારીખ ....-૦૫-૨૦૧૯ ના દિને.અમદાવાદ.

અત્રે---------------------------------------મતુઅત્રે-------------------------------શાખ.

વેચાણ આપનાર:-લખીઆપનાર:- ***સાક્ષી :-***

એકતરફવાળા:-

(૧)સબપ્લોટનંબર-૨/એ, ચો.મી.-૧૫૫૪-૬૬

અને રસ્તાના ચો.મી.-૨૦૭-૦૬ એમ મળી

કુલ ચો.મી.-૧૭૬૧-૭૨ ના કાયમી ભાડાપટ્ટાદાર-

(યુસુફમીયાં રસુલમીયાં શેખ)
(૨)સબપ્લોટનંબર-૨/બી, ચો.મી.-૨૧૪૧-૨૨
અને રસ્તાના ચો.મી.-૨૦૭-૦૬ એમ મળી
કુલ ચો.મી.-૨૩૪૮-૨૮ ના કાયમી ભાડાપટ્ટાદાર-

(રશીદમીયાં રસુલમીયાં શેખ)
(૩)ચો.મી.-૧૫૩૧૪ ના કાયમી ભાડાપટ્ટાદાર-

એ---
(રસુલમીયાં હુસેનમીયાં શેખ)

બી---
(રશીદમીયાં રસુલમીયાં શેખ)

સી---
(યુસુફમીયાં રસુલમીયાં શેખ)
કન્ફરમીગપાર્ટીવાલાઃ-ત્રીજીતરફવાળાઃ-
પી.એમ.શાહ ઈન્ફાસ્ટ્રકચર ડેવલોપરના
પ્રોપ્રાયટર-

(યુસુફમીયાં રસુલમીયાં શેખ)
વેચાણ લેનારઃ-લખાવીલેનારઃ-
બીજીતરફવાળાઃ-